ઓમ લેન્ડમાર્ક સ્કૂલમાં કાન્હાએ 'મટુકી' ફોડી

ચિલોડા ખાતે આવેલ ઓમ લેન્ડમાર્ક સ્કૂલમાં બાળકો દ્વારા જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી કરાઈ હતી. આ ઉજવણીમાં બાળકોએ માનવ પિરામીડ બનાવી 'દહીં હાંડી' ફોડી હતી. આ કાર્યક્રમમાં બાળકો દ્વારા રાસ ગરબા પણ રજુ કરવામાં આવ્યા હતા. ભારતીય સંસ્કૃતિના પરંપરાગત તહેવાર થકી જીવનના પાઠ શીખવવા માટે શાળા સંચાલક મંડળ તરફથી પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

સિવિલ ડીફેન્સના વોર્ડનને પણ હોમગાર્ડ સમકક્ષ ભથ્થા આપવા માંગ

હોમગાર્ડઝના દૈનિક ઉપરાંત અન્ય ભથ્થામાં વધારો દૈનિક ૮૦ ના બદલે રૂ. ૨૦૦ ચુકવાશે : અન્ય ભથ્થામાં પણ સુધારો

ગાંધીનગર, તા. ૨૦

પોલીસના પુરક દળ તરીકેની કામગીરી કરતા હોમગાર્ડઝનો તેમજ સિવિલ ડીફેન્સના જવાનોના દૈનિક ભથ્થામાં સરકારે વધારો કર્યો છે. જેના પરિણામે હોમગાર્ડઝના જવાનોને હવે દૈનિક રૂ. ૮૦ ના બદલે રૂ. ૨૦૦નું ભથ્થુ ચુકવવામાં આવશે. આ ઉપરાંત સિવિલ ડીફેન્સના જવાનોને પણ રૂ. ૨૦૦ ચુકવવામાં આવશે.

ટ્રાફિક સહીતની કામગીરીમાં પોલીસ માટે સહાયક કામગીરી અદા કરતા હોમગાર્ડઝ તેમજ સિવિલ ડીફેન્સના દૈનિક ભથ્થામાં ગૃહ વિભાગ દ્વારા નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. આ વધારો ગત તા. ૧ ઓગસ્ટથી લાગુ કરવામાં આવ્યો છે. જેમાં હોમગાર્ડઝના જવાનોને દૈનિક ભથ્થારૂપે રૂ. ૨૦૦ ચુકવાશે, જ્યારે દૈનિક ભથ્થા ઉપરાંત અન્ય ભથ્થામાં પણ વધારો કરવામાં આવ્યો છે. જેમાં મેસીંગનું ભથ્થુ વધારી રૂ. ૧૦૦ પરેડભથ્થામાં રૂ. ૪૦ ચુકવવાનો નિર્ણય લેવાયો છે. આ ઉપરાંત ગણવેશ ધોલાઈ માટે પણ માસિક રૂ. ૨૫ ના બદલે રૂ. ૧૩૦ ચુકવવામાં આવશે. જ્યારે દર બે વર્ષે બે જોડી ગણવેશ આપવામાં આવશે. સિવિલ ડીફેન્સના જવાનોને પણ હવે ફરજ માટે પ્રતિદિનના રૂ. ૧૨૦ ના બદલે ૨૦૦ ચુકવવામાં આવશે. જો કે હોમગાર્ડઝના અન્ય ભથ્થાની જેમ સિવિલ ડિફેન્સના વોર્ડનને અન્ય ભથ્થાનો લાભ આપવામાં આવ્યો નથી. સિવિલ ડીફેન્સના વોર્ડનને પણ ગોમગાર્ડઝ સમકક્ષ લાભ આપવામાં આવે તેવી પ્રબળ લાગણી ઉઠવા પામી છે.

શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સ્વ. રાજીવ ગાંધીને શ્રધ્ધાંજલિ અર્પી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મુકેશ પટેલની આગેવાની હેઠળ આજ રોજ ભારતના લોક લાડીલા ભુતપૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીની જન્મ દિવસ નિમિત્તે ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સેક્ટર-૨૨ કોંગ્રેસ કાર્યાલય ખાતે બપોરે ૨.૦૦ કલાકે પ્રાર્થના સભાનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો.

આ પ્રસંગે પ્રમુખ મુકેશ પટેલ તેમજ સિનીયર આગેવાનો દ્વારા સ્વ. રાજીવ ગાંધીને સુતરની આંટી પહેરાવી અને પુષ્પાંજલી અર્પણ કરવામાં આવેલ. આ પ્રસંગે પ્રમુખ મુકેશ પટેલ, પ્રદેશ મંત્રી વિક્રમસિંહ ખાચર, પક્ષના નેતા ચિમનભાઈ વિંઝુડા, ઝોન-૧ પ્રમુખ તેજાભાઈ દેસાઈ, ઝોન-૨ પ્રમુખ રાજેન્દ્રસિંહ ચાવડા, બ્રિજેશભાઈ મિરઝા, હરેશભાઈ પટેલ, અનિલ પરમાર, અશોક શ્રીમાળી, વિજય સોલંકી, સી.એમ. વર્મા, હિંમતલાલ મેકવાન, રાકેશ જાની, અમૃતભાઈ રાઠોડ, અશ્વિન રાઠોડ, મગનભાઈ પરમાર, ગૌતમભાઈ પરમાર, નરેશ પરમાર, વિમળાબેન વેગડા, મુકેશ મારૂ, બાલુજી ઠાકોર, પિતાંબર ભાખરીયા તેમજ કોંગ્રેસના સિનીયર આગેવાનો, કાર્યકરો, મહિલા કોંગ્રેસ, યુવા કોંગ્રેસ તમામ હાજર રહેલ હતા.

સે. ૩-ડીમાં આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો તા. ૨૨ ઓગસ્ટના શુક્રવાર, બપોરે ૨.૩૦ થી ૫.૩૦ દરમિયાન, સેક્ટર-૩-ડી રામેશ્વર મંદિર ખાતે યોજાશે. ધાર્મિક કાર્યક્રમમાં ભાવિભક્તોને લાભ લેવા જણાવવામાં આવ્યું છે.

(તસવીર : કશ્યપ નીમાવત)

રક્તદાન દ્વારા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

સેક્ટર-૨૧માં ચ-૬ કોર્નર પાસે આવેલ વૈજનાથ મહાદેવ ખાતે ઘણા વર્ષોથી મંદિરના ટ્રસ્ટીગણ, સેક્ટર-૪ ના સહયોગ મંડળ અને સીનીયર સીટીઝન કાઉન્સિલ દ્વારા રક્તદાન શિબિર યોજીને સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ સેવા કાર્યમાં વૈજનાથ યુવક મંડળના યુવા મિત્રો તેમની સેવાઓ આપે છે. તેમજ રક્ત એકત્ર કરવાની સેવા સિવિલ હોસ્પિટલના સ્ટાફ અને રેડક્રોસ સોસાયટી દ્વારા અપાય છે. આ વર્ષે આ શિબિરમાં ૧૦૦ બોટલ રક્ત એકત્ર કરીને ૬૮માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણીમાં ભવ્ય યોગદાન આપવામાં આવ્યું હતું.

સેક્ટર-૭ની પોસ્ટ ઓફિસને વધારાની જગ્યા ફાળવવામાં વિલંબ સામે રોષ

ગાંધીનગર, તા. ૨૦

સેક્ટર-૭ પોસ્ટ ઓફ ઓફીસમાં સંકડાસ હોવાથી અનેક દુવિધાઓ અને દુર્દશા જોવા મળ્યા હતા. પોસ્ટ ઓફીસમાં ગેસબીલ, ટેલિફોન બીલ અને પોસ્ટેજ સામગ્રી માટે એક જ કાઉન્ટર છે. જેના કારણે વયસ્કો, સ્ત્રીઓને, નિવૃત્ત કર્મચારીઓને મુશ્કેલી પડે છે. એક વ્યક્તિએ ૩૦ થી ૪૫ મિનિટ ઉભા રહેવું પડે છે.

તમામ કાઉન્ટરની ખુરશીઓ ભંગાર તુટેલી છે. પરિણામે કર્મચારીઓ ભોંય પર બેસી કામગીરી બજાવે છે.

તા. ૧૯મી જૂન ડાક અદાલતમાં રજુઆત કરી હતી. બે વર્ષથી આ પ્રશ્ન અટવાય છે. કોઈ નિકાલ કે ફેરફાર થતો નથી.

મુખ્ય પોસ્ટ ઓફીસે જગ્યા ફાળવણી માટે ચીલાચાલુ કાર્યવાહી કરી રહી છે. ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદના મહામંત્રી શ્રી નિરંજનભાઈ ઓઝાએ જણાવેલ છે.

ગાંધીનગર સેસન્સ કોર્ટમાં લીફટની માંગણીની રજુઆત

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ સેસન્સ કોર્ટના પરિસરમાં લીફટની ખાસ જરૂરિયાત છે. પ્રથમ માળે ચાર કોર્ટ, બીજા માળે ૭ કોર્ટ, ત્રીજા માળે નવ કોર્ટ આવેલી છે. દરરોજ અપંગ, અશક્ત, વૃદ્ધો કોર્ટમાં આવે છે. જેને ત્રણ માળ ચઢવા કે ઉતરવા માટે દયનીય સ્થિતિ હોય છે. ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદના મહામંત્રી શ્રી નિરંજનભાઈ ઓઝાએ સત્તાવાળાઓ સમક્ષ માંગણી કરેલ છે.

જિલ્લામાં પોલીસની ઘટ એક મહિનામાં ભરાઈ જશે...!

સપ્ટેમ્બરમાં તાલીમ હેઠળના ૧૦૦ મહિલા સહિત ૪૦૦ લોકરક્ષકો જિલ્લામાં હાજર થશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લા પોલીસના મહેકમ મુજબ જિલ્લામાં પોલીસ જવાનોની ઘટ ખુબ મોટી હતી તેમાં પણ મહિલા પોલીસની ઘટ વિશેષ હતી. નવેક માસથી ટ્રેનિંગ હેઠળ રહેલા નવા ભરતી પામેલા લોક રક્ષકોને આગામી માસ સુધીમાં વિવિધ જિલ્લામાં નિમણુંક મળશે. જે પૈકી ગાંધીનગર જિલ્લામાં પણ ૧૦૦ મહિલા સહિત ૪૦૦ લોકરક્ષકો હાજર થશે જેને પગલે મંજુર થયેલા મહેકમ મુજબ પોલીસ જવાનોની ઘટ ભરાઈ જશે અને પોલીસના કામનું ભારણ ઘટવા ઉપરાંત કામગીરી વધુ સરળ તથા ઝડપી બનશે.

લોકરક્ષકોની ભરતી પ્રક્રિયા બાદ મેરીટ યાદમાં આવેલા આર્મ અને અનઆર્મ મળીને આઠ હજાર જેટલા લોકરક્ષકોની જુનાગઢ પીટીએસમાં તાલીમ ચાલી રહી છે. એક મહિનાની તાલીમ વધુ એક મહિનો લંબાવવામાં આવતા હવે સપ્ટેમ્બરની ૧૫, ૧૬ અથવા ૧૭ તારીખે ઉપરોકત તમામ લોક રક્ષકની પાર્કીંગ આઉટ પરેડ યોજાય તેવી શકયતા છે જે પૈકી ગાંધીનગર જિલ્લામાં ૧૦૦ મહિલા સહિત ૪૦૦ લોકરક્ષકો હાજર થશે. હાલના તબક્કે મંજુર મહેકમમાં જિલ્લામાં ૪૭૦ પોલસની ઘટ છે. જે ઘટ આવતા મહિને યોજાનાર પાસીંગ આઉટ પરેડમાં ભરાઈ જશે. જિલ્લામાં મહિલા પોલીસની વિશેષ ઘટ છે જો કે આવતા મહિને જિલ્લામાં હાજર થનાર લોકરક્ષકોમાં ૧૦૦ જેટલી મહિલાઓ પણ હોવાથી આ ઘટ પણ પૂર્ણ થઈ જશે.

શહેરના ચ માર્ગ પર જઈ રહેલી ઈકો ગાડી અચાનક જિલ્લા પંચાયત સામેના માર્ગ પરથી ડીવાઈડર પર ચઢી ગઈ હતી. ઈકો કારના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દેતા અકસ્માત સર્જાયો હતો. જો કે સદભાગ્યે અકસ્માતમાં કોઈ જાનહાનિ કે મોટી ઈજાઓ થવા પામી ન હતી.

યુવતીઓ માટે રક્ષણરૂપ સ્ટન ગનની ડિમાન્ડ વધી

જિલ્લા પોલીસે ૩૦૦ સ્ટન ગન કોલેજની વિદ્યાર્થીનીઓને આપી

ગાંધીનગર, તા. ૨૦

રાજ્યના મુખ્યમંત્રી દ્વારા આગળ જ પોલીસ સ્ટેશન ખાતે ગાંધીનગરની કોલેજીયન યુવતીઓને નિશુલ્ક સ્ટનગન આપવામાં આવી હતી. છેડતી તથા બળાત્કાર જેવા કિસ્સાઓથી બચવા માટે વપરાતી સ્ટનગનથી શોર્ટના ઝાટકા આપી શકાય છે. આ સ્ટનગન ગાંધીનગરની કોલેજીયન યુવતીઓ તથા પીટીસીમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ પૈકી ૩૦૦ ને નિ:શુલ્ક આપવામાં આવી છે. સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત ૩૦૦ સ્ટનગન નિશુલ્ક આપ્યા બાદ હજુ ડીમાન્ડ વધતા રાહતદરે આ મશીનનું વિતરણ જિલ્લા પોલીસ દ્વારા કરવામાં આવ્યું છે.

ડભોડા પોલીસ સ્ટેશને ૧૫મી ઓગસ્ટે સ્વાતંત્ર્યતા દિવસની ઉજવણી ખૂબ અનોખી રીતે ઉજવાઈ. આ દિવસે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલયની બહેનો દ્વારા પોલીસ સ્ટેશનમાં રક્ષાબંધનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં બ્રહ્માકુમારીઝ કેન્દ્રના સંચાલિકા તારાબેન તેમજ મીરાબેન દ્વારા પીએસઆઈ એ.કે. ક્લાસવા તેમજ પોલીસકર્મીઓના હાથે રાખડી બાંધી તેમને વ્યસનમુક્તિના શપથ લેવડાવવામાં આવ્યા હતા.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા અક્ષય ઉર્જા દિવસની ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર, તા. ૨૦

૨૦મી ઓગસ્ટ એટલે સ્વ. રાજીવ ગાંધીની જન્મ જયંતિ. આ દિવસને અક્ષય ઉર્જા દિવસ તરીકે મનાવવામાં આવે છે. નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા અક્ષય ઉર્જા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. રાંધેજા કુમાર શાળામાં ઉર્જાપ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

નિસર્ગ સાયન્સ સેન્ટર સેક્ટર-૨૩ દ્વારા વિજ્ઞાનલક્ષી કાર્યક્રમો યોજી વિજ્ઞાનક્ષેત્રે પ્રકાશ ફેલાવવાનું કાર્ય કરવામાં આવે છે. વિજ્ઞાનલક્ષી દિવસોને પોતાની આગવી રીતે લોક ઉપયોગી બને તે રીતે વિજ્ઞાન દિવસોની ઉજવણી કરવામાં આવે છે. ત્યારે આજે ભારતના પૂર્વ સ્વ. વડાપ્રધાન રાજીવ ગાંધીની જન્મ જયંતિ નિમિત્તે મનાવવામાં આવતા અક્ષય ઉર્જા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

રાંધેજા સરકારી કુમાર શાળામાં કો-ઓડિનેટર હાર્દિક મકવાણા અને શિવાંગ પટેલ દ્વારા ઉર્જા પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. હાર્દિક મકવાણાએ જણાવ્યું હતું કે આપણે ઉર્જાનો વ્યય થતો અટકાવવો જોઈએ અને સૂર્ય ઉર્જાનો ઉપયોગ વધારવો જોઈએ. દરરોજ આપણી નજર સમક્ષ વિજળીનો વ્યય થતો હોય તો તેને બચાવવો જોઈએ. સોલાર કુકર, સોલર વોટર હિટર, સોલાર સ્ટીલ લવિશેની માહિતી ઉપર પોતાના વ્યક્તવ્યમાં ભાર મુક્યો હતો.

શિવાંગ પટેલે જણાવ્યું હતું કે આપણે પહેલા વિજળી વિના જીવન જીવતા હતા. ત્યારે આપણું જીવન અંધકારમય હતુ. ત્યાર બાદ વિજળીની શોધ થતા આપણા જીવનમાં પ્રકાશ પથરાયો, પરંતુ આ પ્રકાશ આપણા જીવનમાં સતત ઉર્જા આપે તે માટે આપણે ઉર્જા બચાવવી પડશે. સૌર ઉર્જા શેત્રે આગળ આવવું પડશે. પ્રદર્શનમાં ઉર્જાને લગતા ૩૦ ચાર્ટ લગાવવામાં આવ્યા હતા જેમાં વિવિધ પ્રકારના ઉપયોગો બતાવવામાં આવ્યા હતા.

શાળાના શિક્ષક મહેશકુમાર ચૌધરી, કુમુદબેન પટેલે પ્રદર્શનને સફળ બનાવવામાં સહકાર આપ્યો હતો. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ પ્રદર્શનને નિહાળ્યું હતું. સંસ્થાના હરિસિંહ માજીરાણાએ જહેમત ઉઠાવી હતી.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૯
સૂર્યાસ્ત : ૭.૦૬

તાપમાન

મહત્તમ : ૩૬.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૮ ટકા ● સાંજે ૫૦ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
સિંઘમ રિટર્ન્સ : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
સિંઘમ રિટર્ન્સ : ૧૨.૩૦, ૩,૩૦, ૬,૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
સિંઘમ રિટર્ન્સ : ૧૦.૦૦
એન્ટરટેઈન્મેન્ટ : ૧.૦૦, ૧૦.૦૦
કીક : ૪.૦૦

સ્ક્રીન-૪ :
એન્ટરટેઈન્મેન્ટ : ૧.૦૦, ૧૦.૦૦
કીક : ૪.૦૦
અન્જાન (તમિલ) : ૭.૦૦
સિંઘમ રિટર્ન્સ : ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :
સિંઘમ રિટર્ન્સ : ૧૦.૦૦
એન્ટરટેઈન્મેન્ટ : ૩.૪૫, ૬.૪૫

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
સિંઘમ રિટર્ન્સ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
સિંઘમ રિટર્ન્સ : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

સ્ક્રીન-૩ :
એન્ટરટેઈન્મેન્ટ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦
સિંઘમ રિટર્ન્સ : ૧૦.૦૦

સિનેમેક્સ,

: સ્ક્રીન-૧ :
સિંઘમ રિટર્ન્સ : ૮.૧૫, ૧૧.૨૦, ૫.૩૦, ૮.૩૫
ધ ગાર્ડિયન ઓફ ગેલેક્ષી (૩ડી) (હિન્દી) : ૨.૨૫

: સ્ક્રીન-૨ :
સિંઘમ રિટર્ન્સ : ૯.૧૫, ૧૨.૨૦, ૩.૨૫, ૬.૩૦, ૯.૩૫

સ્ક્રીન-૩ :
સિંઘમ રિટર્ન્સ : ૧૦.૧૫, ૧.૨૦, ૪.૨૫, ૭.૩૦, ૧૦.૩૫

સ્ક્રીન-૪ :
એન્ટરટેઈન્મેન્ટ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

આપની આજ

મેષ : સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

વૃષભ : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

મિથુન : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

કર્ક : નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

સિંહ : આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી સમસ્યઓ છતાં કાર્યમાં પ્રગતિ જણાશે. વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

કન્યા : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

તુલા : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

વૃશ્ચિક : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

ધન : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

મકર : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

કુંભ : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

મીન : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે.